# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



## સિંહ અને ઉંદર

**વારતા રે વારતા**

એક વિશાળ અને હર્યુંભર્યું જંગલ હતું. આ જંગલમાં ઘટાદાર વૃક્ષો, ખળખળ વહેતી નદીઓ અને ઊંચા પહાડો હતા. આ જંગલનો રાજા એક મહાકાય અને શક્તિશાળી સિંહ હતો. તેની એક જ ગર્જનાથી આખું જંગલ ધ્રૂજી ઊઠતું. બધા જ પ્રાણીઓ તેનાથી ડરતા અને તેનું સન્માન કરતા.

ઉનાળાનો સમય હતો. ભરબપોરે સૂરજ આકાશમાં તપી રહ્યો હતો. સિંહ શિકાર કરીને પેટ ભરીને જમ્યો હતો અને એક ઘટાદાર વડના ઝાડ નીચે ઠંડી છાંયડે નિરાંતે સૂતો હતો. સિંહ ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો ત્યારે જ નજીકના એક દરમાંથી એક નાનકડો અને ચંચળ ઉંદર બહાર આવ્યો.

ઉંદર ખૂબ જ તોફાની હતો. તેને આસપાસ સૂતેલા સિંહની પરવા નહોતી. રમત-રમતમાં તે સિંહના શરીર પર ચઢી ગયો. તેને સિંહના રેશમી વાળ પર દોડવાની ખૂબ મજા આવવા લાગી. તે ક્યારેક સિંહની પૂંછડી પર લપસણી ખાતો, તો ક્યારેક તેના કાન પાસે જઈને કૂદકા મારતો. ઉંદરને લાગ્યું કે આ તો કોઈ મોટું રેશમી મેદાન છે!

દૂરો સુતેલા ઉંદરે આ ગર્જના સાંભળી. તે તરત જ સમજી ગયો કે વનરાજ મુશ્કેલીમાં છે. તે જરા પણ મોડું કર્યા વગર અવાજની દિશામાં દોડ્યો. ત્યાં પહોંચીને તેણે જોયું કે સિંહ જાળમાં જકડાયેલો છે અને શિકારીઓ ગમે ત્યારે આવી શકે તેમ છે

ઉંદરની આ હિલચાલથી સિંહની ઊંઘમાં ખલેલ પડી. સિંહ અચાનક જાગી ગયો અને તેણે ગુસ્સામાં એક મોટો પંજો માર્યો. ઉંદર પંજામાં ફસાઈ ગયો. સિંહે તેને પોતાની આંખો સામે લટકાવ્યો અને ક્રોધિત અવાજે ગર્જના કરી, "એય તુચ્છ પ્રાણી! તારી આટલી હિંમત કે તે જંગલના રાજાની ઊંઘ બગાડી? હવે તારો અંત નજીક છે. હું તને હમણાં જ મસળી નાખીશ!"

સિંહ આ સાંભળીને ખડખડાટ હસવા લાગ્યો. તેને નવાઈ લાગી કે આટલો અમથો ઉંદર તે વળી સિંહની શું મદદ કરવાનો? સિંહે મજાક ઉડાવતા કહ્યું, "તું અને મારી મદદ? શું મજાક કરે છે! પણ તારી આ વાતો સાંભળીને મને તારા પર દયા આવી ગઈ છે. જા, આજે હું તને મુક્ત કરું છું." ઉંદર જીવ બચાવીને ફટાફટ ત્યાંથી ભાગી ગયો.

આ ઘટનાને ઘણા દિવસો વીતી ગયા. એક દિવસ જંગલમાં કેટલાક શિકારીઓ આવ્યા. તેઓ સિંહને જીવતો પકડવા માંગતા હતા. તેમણે જંગલના એક રસ્તા પર મજબૂત દોરડાની મોટી જાળ બિછાવી અને તેને પાંદડાઓથી ઢાંકી દીધી.

સાંજનો સમય હતો. સિંહ લટાર મારવા નીકળ્યો હતો. તેનું ધ્યાન જમીન પર નહોતું અને અચાનક તે શિકારીઓની જાળમાં ફસાઈ ગયો. સિંહે જાળમાંથી બહાર નીકળવા માટે ખૂબ જ ધમપછાડા કર્યા. તેણે પોતાના પંજા માર્યા, જાળને ખેંચી, પણ જાળ ખૂબ જ મજબૂત હતી. સિંહ જેટલો પ્રયત્ન કરતો, તેટલો જ વધુ જાળમાં ગૂંચવાતો જતો. અંતે લાચાર થઈને સિંહે કરુણ ગર્જનાઓ કરવા માંડી. તેની ગર્જનામાં આજે દબદબો નહીં પણ પીડા હતી.

દૂરો સુતેલા ઉંદરે આ ગર્જના સાંભળી. તે તરત જ સમજી ગયો કે વનરાજ મુશ્કેલીમાં છે. તે જરા પણ મોડું કર્યા વગર અવાજની દિશામાં દોડ્યો. ત્યાં પહોંચીને તેણે જોયું કે સિંહ જાળમાં જકડાયેલો છે અને શિકારીઓ ગમે ત્યારે આવી શકે તેમ છે.

સિંહ હવે આઝાદ હતો. તેને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેણે નીચા વળીને ઉંદરને વહાલ કર્યું અને ગદગદિત કંઠે કહ્યું, "મિત્ર, મને માફ કરજે. તે દિવસે મેં તારી મજાક ઉડાવી હતી, પણ આજે તેં સાબિત કરી દીધું કે કોઈ પણ નાનું નથી હોતું. તારા જેવા નાના જીવે આજે જંગલના રાજાનો જીવ બચાવ્યો છે."

તે દિવસ પછી સિંહ અને ઉંદર પાકા મિત્રો બની ગયા. સિંહ ઘણીવાર ઉંદરને પોતાની પીઠ પર બેસાડીને આખા જંગલની સફર કરાવતો. આ વાર્તા આખા જંગલમાં ફેલાઈ ગઈ અને બધાએ શીખ્યું કે શક્તિ કરતાં સંકટ સમયે કામ આવતી બુદ્ધિ અને સાથ વધુ મહત્વના છે.

## દુનિયાના અલગ-અલગ દેશોમાં અલગ-અલગ સમય કેમ હોય છે?

**અજબ ગજબ**

આપણે ઘણીવાર સ્માર્ટફોન કે ડિજિટલ વોચમાં ટાઇમ ઝોન સેટ કરીએ છીએ. ભારત અને દુનિયાભરના અલગ અલગ દેશો વચ્ચેના સમયના તફાવતને કારણે આપણે હંમેશા વિચારીએ છીએ કે ત્યાં અત્યારે દિવસ હશે કે રાત? પરંતુ શું તમે જાણો છો કે આ ટાઇમ ઝોન સિસ્ટમ કોણે બનાવી અને આ સિસ્ટમ બનાવવાની જરૂરિયાત કેમ ઊભી થઈ. ચાલો જાણીએ ટાઈમ ઝોન પાછળનું વિજ્ઞાન.

ટાઇમ ઝોન સિસ્ટમનો આઈડિયા એન્જિનિયર સર સ્ટેનફોર્ડ ફ્લેમિંગે આપ્યો હતો, જે આજે વૈશ્વિક સ્તરે અમલી છે. 19મી સદીમાં જ્યારે રેલગાડીઓ અને સંદેશાવ્યવહારના સાધનો વધવા લાગ્યા, ત્યારે સૌથી મોટી સમસ્યા સમયને લઈને સામે આવી. તે સમયે દરેક શહેર અને દેશનો સ્થાનિક સમય સૂર્યની સ્થિતિ પર આધારિત હતો, જે અલગ-અલગ રહેતો. આ મૂંઝવણ દૂર કરવા માટે ટાઇમ ઝોનની જરૂરિયાત ઉભી થઈ.



ટાઇમ ઝોન પાછળનું વિજ્ઞાન - પૃથ્વી પોતાની ધરી પર 24 કલાકમાં 360 ડિગ્રી ફરે છે. આ ગણતરી મુજબ, પૃથ્વી દર 1 કલાકે 15 ડિગ્રી રેખાંશ જેટલું અંતર કાપે છે. પૃથ્વી ગોળાકાર હોવાને કારણે અલગ-અલગ સ્થળોએ સૂર્ય અલગ-અલગ સમયે ઉગે છે, જેના કારણે સમયનો તફાવત સર્જાય છે. આ તફાવતના કારણે દુનિયાભરના દેશોમાં થતા વ્યવહારો દરમિયાન સમયને લઈને મોટી સમસ્યા સર્જાઈ હતી. ક્યારે બની આ સિસ્ટમ? - વર્ષ 1884માં અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં 'ઇન્ટરનેશનલ મેરિડિયન કોન્ફરન્સ' યોજાઈ હતી, જેમાં 25 દેશોના પ્રતિનિધિઓ સામેલ થયા હતા. આ કોન્ફરન્સમાં ગ્રીનવિચ મીન ટાઈમ (GMT) એટલે કે લંડનના ગ્રીનવિચ શહેરને સમય માપવા માટેનું પ્રમાણ માનવામાં આવ્યું. તેના આધારે જ બાકીના દેશોનો સમય GMT થી આગળ (+) અથવા પાછળ (-) નક્કી કરવામાં આવ્યો અને આખી દુનિયાને કુલ 24 ટાઇમ ઝોનમાં વહેંચી દેવામાં આવી. ટાઇમ ઝોન વ્યવસ્થાને કારણે જ આજે વૈશ્વિક સ્તરે હવાઈ મુસાફરી, શેરબજાર અને સંદેશાવ્યવહાર ચોકસાઈ પૂર્વક ચાલી રહ્યો છે.

### હેપ્પી બર્થડે




નામ : ત્રિશા ચૌધરી
માતા : પ્રીતિ ચૌધરી




નામ : તક્ષવી ચૌધરી
માતા : અર્ચના ચૌધરી

### રસ્તો શોધો




### ટપકાં જોડો




### તફાવત શોધો





### શબ્દો પૂરો




## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q 1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | | 4 | | 6 | | 8 | = | 8 |
| 2) | 2 | | 4 | | 6 | | 8 | = | 6 |
| 3) | 2 | | 4 | | 6 | | 8 | = | 4 |

### CHANGE THE WORD

Q 2

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| C | O | W |
| | | |
| | | |
| B | U | T |

### CHHOTA SUDOKU

Q 3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | 6 |
| | 2 | |
| 8 | | |

વર્તુળો: 21, 16, 23, 12

### BROKEN WORDS

Q 4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને જુદા જુદા 7 પ્રાણીઓના નામ શોધો

| | | | |
|---|---|---|---|
| EEP | MBS | BB | MO |
| RSE | ON | LI | GS |
| NK | RA | SH | LA |
| PI | EY | HO | ITS |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 2 |
| 5 અક્ષર | 3 |
| 6 અક્ષર | 1 |
| 7 અક્ષર | 1 |

જવાબ
1. PIGS
2. LION
3. HORSE
4. LAMBS
5. SHEEP
6. MONKEY
7. RABBITS

### જવાબો

Q 1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | + | 4 | − | 6 | + | 8 | = | 8 |
| 2) | 2 | × | 4 | × | 6 | ÷ | 8 | = | 6 |
| 3) | 2 | + | 4 | + | 6 | − | 8 | = | 4 |

Q 2

| | | |
|---|---|---|
| C | O | W |
| C | O | T |
| C | U | T |
| B | U | T |

Q 3

| | | |
|---|---|---|
| 3 | 7 | 6 |
| 9 | 2 | 1 |
| 8 | 4 | 5 |

વર્તુળો: 21, 16, 23, 12